# રાજ્યની શાળાઓમાં શૈક્ષણિક કાર્ય આરંભાયુ

## રાજ્યમાં ૩૨ હજારથી પણ વધુ શાળાઓ ખુલી : કેટલીક સ્કુલો બે ત્રણ દિવસ પછી ખુલશે : નાના અને મોટા વિદ્યાર્થીઓ ઉત્સાહિત દેખાયા



અમદાવાદ,તા. ૧૦

૩૫ દિવસથી વધુના ઉનાળા વેકેશન બાદ આજથી ગુજરાતભરમાં તમામ સ્કુલો ફરીવાર શરૂ થઈ ગઈ હતી. આની સાથે જ સ્કુલોમાં ચહલપહેલ જોવા મળી હતી. છેલ્લા ઘણા સમયથી સ્કુલો બંધ હોવાથી સુમસામ સ્થિતિ હતી. આજે સ્કુલો ખુલી જતાં ચહેલપહેલ વધી ગઈ હતી. પ્રથમ દિવસે પહોંચેલા બાળકો એકબીજા સાથે વેકેશનના ગાળાની મજા અંગે વાતચીત કરતા નજરે પડ્યા હતા. શિક્ષકો પણ ઉત્સાહિત દેખાયા હતા. પ્રથમ દિવસે કેટલાક જરૂરી માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. કેટલાક કારણોસર કેટલીક સ્કુલો હજુ ખુલી નથી. બે ત્રણ દિવસનો વિલંબ આમા થઈ શકે છે. ગુજરાતભરમાં ૧૨ હજારથી વધારે માધ્યમિક અને રાજ્યભરમાં ૩૨ હજારથી વધારે પ્રાથમિક સ્કુલો આજે સવારે ખુલી જતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં સ્કુલો ફરી એકવાર બાળકોથી ગુંજી ઉઠતા નવો ઉત્સાહ ઉમેરાઈ ગયો હતો. જે બાળકો પ્રથમ વખત સ્કુલમાં પહોંચે છે તેમની સાથે તેમના વાલીઓ પણ પહોંચ્યા હતા. નર્સરી અને નાના ધોરણના બાળકો રડતા નજરે પડ્યા હતા જ્યારે મોટા કલાસના બાળકો ખુશખુશાલ દેખાયા હતા અને પોતાના મિત્રોને મળતા નજરે પડ્યા હતા. આ વખતે ગરમીનું પ્રમાણ વધારે હોવાના કારણે ઘણી સ્કુલોમાં વેકેશનને લંબાવવાની માંગ કરવામાં આવી હતી પરંતુ આ માંગને ફગાવી દેવામાં આવી હતી અને આજે સ્કુલો ખુલી ગઈ હતી.

મળેલી માહિતી મુજબ અમદાવાદ શહેરની કેટલીક સ્કુલોએ વેકેશનના ગાળાને વધુ ત્રણ દિવસ માટે લંબાવી દીધું છે જેના પરિણામ સ્વરુપે બાળકો હજુ બે ત્રણ દિવસ સુધી આરામ પર રહેશે. સ્કુલોની સાથે સાથે કોલેજો પણ હવે ટૂંક સમયમાં જ શરૂ થશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ કોલેજમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. કેટલીક સ્કુલો દ્વારા વેકેશનનો ગાળો લંબાવી દેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓની ચહેલ પહેલથી સ્કુલો ફરી એકવાર ગુંજી ઉઠી હતી.

ઉનાળા વેકેશનના ભાગરૂપે રવિવારનો દિવસ વેકેશનનો અંતિમ દિવસ રહ્યો હતો. ૩૫ દિવસી વધુ ગાળાની રજા રહ્યા બાદ સ્કુલોમાં શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ હતી. જો કે કેટલીક સ્કુલો દ્વારા વેકેશનનો ગાળો લંબાવી દેવામાં આવ્યો છે. રવિવારનો દિવસ વેકેશનનો અંતિમ દિવસ હોવાથી બજારમાં ખરીદીનો માહોલ જામ્યો હતો. કેટલાક વાલીઓ તો પહેલાથી જ તમામ પ્રકારની ખરીદી કરી ચુક્યા છે.

## જન્મદિને વધામણી



શ્વેતા શર્મા
મો. ૯૮૨૫૧ ૨૫૬૦૨



નવલસિંહ ગોહિલ
મો. ૭૮૭૮૯ ૯૫૦૫૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# કૈલાસયાત્રીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૯

કૈલાસ માનસરોવર સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા આ વર્ષે કૈલાસ યાત્રાએ જતા ગાંધીનગર જિલ્લાના યાત્રીઓ માટેનો શુભેચ્છા સમારોહ વૈજનાથ મહાદેવ મંદિર, સેકટર-૨૧ ખાતે યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરના પ્રથમ નાગરિક અને મેયર રીટાબહેન પટેલના હસ્તે યાત્રીઓને રૂદ્રાક્ષમાળા, નારિયેળ, સાકર પડો વગેરે સાથેની કીટ આપીને યાત્રા સફળ બને તે માટેની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. મેયર રીટાબહેન પટેલે કૈલાસ યાત્રાના મહાત્મ્યની વાત કરી આવી કપરી યાત્રા કરવા માટે સદ્‌ભાગી બનનાર યાત્રીઓને ભાવથી શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના પ્રમુખ ક્રિશ્નકુમાર રાણાએ સહુને આવકારી સંસ્થાનો પરિચય આપ્યો હતો. એચ.બી. વરિયાએ આ યાત્રા વિષયક, કૈલાસ વિષયક રસપ્રદ માહિતી અને આધ્યાત્મિક અવલોકન રજુ કર્યુ હતુ. અતિથિવિશેષપદેથી જેઠાભાઈ પટેલે યાત્રાના મહત્વની વાત કરી શુભેચ્છા પાઠવી હતી. ભારત સરકાર આયોજિત અને નેપાળ રસ્તેથી યાત્રાએ જનાર ૬ યાત્રીઓને કુમકુમ તિલક તથા યાત્રા કીટથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ડૉ. પાર્થ અને ડૉ. મિહિર દ્વારા યાત્રીઓના મેડિકલ ચેકઅપની સેવા આપવામાં આવી હતી. સમિતિ દ્વારા તેઓનુ પણ સન્માન કરવામાં આવ્યુ હતુ. ભોજનદાતા કૈલાસયાત્રી જીતેન્દ્રભાઈ કે. પટેલ અને એચ.કે. પ્રજાપતિનું સમિતિ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમનુ સંચાલન પ્રજ્ઞા પટેલે સંભાળ્યુ હતુ. આ સમારોહમાં સમિતિના હોદ્દેદારો, સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભોળાગિરી ગોસ્વામી, હિતેશ રાવલ, શંકરસિંહ ગોહિલ, ભરતભાઈ કવિ, દશરથભાઈ પટેલ, અરૂણ પુરોહિત, મુકેશ શુકલ, જતીન ખખ્ખર, સુધા શુકલ, કાંતાબેન પટેલ, દિવ્યાબેન વરિયા, વિમળાબેન અયાચી, હરિઓમ વ્યાસ, ભૂપેન્દ્રભાઈ શાસ્ત્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી

# શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશન દ્વારા કલોલમાં સુગમ સંગીત કાર્યક્રમ



કૌશિક ભોજક, સુરેશ રત્નોત્તર, સોનલ ગજ્જર, હિરલ બારોટ, રેખા પંચાલ, ગીતા પ્રજાપતિ, ઉપેન્દ્રપુરી ગોસ્વામી, દીપેશ સુથાર દ્વારા સુગમ સંગીતની મોહક પ્રસ્તુતિ

ગાંધીનગર, તા. ૧૦

શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુલ, કલોલમાં ગુજરાત સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશન દ્વારા શબ્દ સ્વરની સાથે સુંદર સુગમ સંગીત કાર્યક્રમ યોજાયો હતો. જાણીતા કલાકાર કૌશિક ભોજક, સુરેશ રત્નોત્તર, સોનલ ગજ્જર, હિરલ બારોટ, રેખા પંચાલ, ગીતા પ્રજાપતિ, ઉપેન્દ્રપુરી ગોસ્વામી, દીપેશ સુથાર દ્વારા કાર્યક્રમ અંતર્ગત સુગમ સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આયોજન શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશનના મેનેજીંગ ટ્રસ્ટી શૈલેષ પંડયા 'ભીનાશ' દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુરુકુળના શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનજી, ભકતવત્સલજી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અતિથિવિશેષ તરીકે ગાંધીનગર સાહિત્યસભાના ઉપપ્રમુખ સંજય થોરાત, કલોલ રોટરી ક્લબના પાસ્ટ પ્રેસિડેન્ટ વિષ્ણુભાઈ પંચાલ, રોટરી ક્લબના સેક્રેટરી વિપુલભાઈ રામી, ભાજપ ગાંધીગર જિલ્લાના મોરચા પ્રમુખ નિલેશ આચાર્ય, પુસ્તક પરબના શિવાજી ઠાકોર અને બહોળી સંખ્યામાં કલોલના શબ્દ તથા સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશનના ઉપપ્રમુખ મનીષા પંડયા દ્વારા આભાર દર્શન કરાયું હતું.

# હીરા, મોતી, માણેકથી ઑક્સિજન મળતો નથી




ગાંધીનગર, તા. ૧૦

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી ટ્રી સમીટ-૨૦૧૯ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાજ્યમાં કોંક્રિટ જંગલોમાં કુદરતી જંગલોનો વધારો થાય તે હેતુને ધ્યાનમાં રાખી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું ઉદ્‌ઘાટન મહંત ભગવતપ્રિયદાસજી સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. ટ્રી સમીટનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર ગુજરાતમાં ૮ લાખ રોપાં રોપી તેના ઉછેર અને સંવર્ધનનો છે.

આચાર્ય સ્વામીએ આ પ્રસંગે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે હીરા, મોતી, માણેકથી ઑક્સિજન મળતો નથી. પરંતુ આપણે વૃક્ષોને વાવીશું, તેમનું જતન કરીશું તો તે આપણને ઑક્સિજન આપશે.

ગુરુપ્રિયદાસજી સ્વામિ, પ્રશાંત સ્વરૂપદાસજી સ્વામી, અહેમદભાઈ પઠાણ, સવજીભાઈ ધોળકિયા, જીતુભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી ગ્રામ સેવા મંદિર, નારદીપુર દ્વારા શનિવારે રાત્રે નારદીપુર ખાતે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક ડાયરામાં ગુજરાતના જાણીતા લોકગાયક જિજ્ઞેશ કવિરાજ અને આપણા જ મલકનાં લોકગાયિકા અભિતા પટેલ દ્વારા ગીત-સંગીત અને લોકસંસ્કૃતિનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. ગ્રામ સેવા મંદિર સંચાલિત પ્રિ-પ્રાઈમરી સ્કૂલના શુભારંભ પ્રસંગે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે બી આર મહેતા સ્કૂલ પરિસર, નારદીપુર ખાતે યોજાયેલા આ લોક ડાયરાને માણવા નારદીપુર તથા આસપાસનાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં હતાં.

# ગાંધીજીનો વિનોદ

॥ ૫૪મો મણકો ॥

### ૧૩૨ - તમારું કોઈ સાંભળે છે ખરું ?

એક વાર ગાંધીજી કલકત્તા ગયા હતા ત્યારે બનારસીદાસ ચતુર્વેદીએ તેમનો મળવાનો સમય માગ્યો. ગાંધીજીએ કહેવડાવ્યું કે સવારે પોણા ચાર વાગે આવો. આટલા વહેલા જવાનું બનારસીદાસ માટે આકરું હતું પણ ગાંધીજીની મુલાકાતનો સમય તો સાચવવો જ પડે. તેઓ પોતાની સાથે ૧૫-૨૦ માણસો લઈને ગાંધીજીને મળવા ગયા.




ગાંધીજીને કલ્પના હતી કે બનારસીદાસ એકલા આવશે પણ આ બધાને જોઈ બોલ્યા,

અરે ! તમે તો મોટી ફોજ લઈને આવ્યા.

સમય ગુમાવ્યા વિના ગાંધીજીએ વાતો શરૂ કરી. ૧૫ મિનીટની વાતચીત પછી મુલાકાતનો સમય પૂરો થયો ત્યારે બનારસીદાસે કહ્યું,

બાપુ, હું વિશાળ ભારતમાં તમારી વિરુદ્ધમાં પણ લખું છું.

ગાંધીજી : એ તો ઘણું સારું છે. પણ તમારું કોઈ સાંભળે છે ખરું ?

આવું હાજરજવાબીપણું જોઈ સ્મિતની લાગણી સૌના મોં પર પ્રસરી રહી.

### ૧૩૩ - ક્યાંયનો નહીં ?

લૉર્ડ માઉન્ટબૅટને ગાંધીજીને પહેલો પત્ર લખ્યો ત્યારે તેમાં 'માઉન્ટબૅટન ઑફ બરમા' એ રીતે પોતાની સહી કરી હતી.

ગાંધીજી તરફથી જવાબમાં જે પત્ર લખાયો તેમાં માત્ર 'લૉર્ડ માઉન્ટબૅટન' નામે સંબોધન તેમના મંત્રીએ કર્યું હતું. જ્યારે પત્ર ગાંધીજીની સહી માટે મૂકવામાં આવ્યો ત્યારે તેમણે પોતાના હસ્તાક્ષરથી 'ઑફ બરમા'નો સુધારો ઉમેર્યો.

પોતાની સહી એમ કે ગાંધીની જગ્યાએ લખ્યું,

મારે તો ક્યાંયનો નહીં એવા તમારા એમ કે ગાંધી તરીકે જ સહી કરવી જોઈએ.

આ વાંચી માઉન્ટબૅટનને કહેવાનું મન થયું, એમની વિનોદવૃત્તિ અખૂટ છે.

પણ ગાંધીજી વિશ્વ નાગરિક હતા એ કોણ ભૂલી શકે ?




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# આઈએનઆઈએફડી ગાંધીનગરના એન્યુઅલ ફેશન શોમાં ૨૫૦થી વધુ નવી ડિઝાઈન્સ રજૂ કરવામાં આવી



ગાંધીનગર, તા. ૧૦

આઈએનઆઈએફડી ગાંધીનગર દ્વારા તેમના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ અદ્‌ભુત ડિઝાઈન્સ લોકો સુધી પહોંચાડવાના હેતુસર એફ એન્ડ આઈ ફેશન શો-૨૦૧૯ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અવનવી ૨૫૦ થી વધુ ડિઝાઈન્સ ફેશન શો થકી પ્રદર્શિત કરવામાં આવી અને લેકમે ફેશન વીકની મોડેલ્સ દ્વારા રેમ્પવોક કરાયું હતું જેમણે ત્યાં ઉપસ્થિત દરેક વ્યક્તિનું મન જીતી લીધું હતું.

આઈએનઆઈએફડી ગાંધીનગરના ડિરેક્ટર વિશાલ મકવાણા એ જણાવ્યું કે "અમારા માટે ખૂબ જ ગૌરવ ની વાત છે કે અમારા વિદ્યાર્થીઓએ બનાવેલ ડિઝાઈન્સ લોકોને ખૂબ જ પસંદ આવી છે અને આજે ૨૫૦થી વધુ નવી ડિઝાઈન્સ રજૂ કરાઈ છે.

તેમણે વધુ માં જણાવ્યું કે "સૌપ્રથમવાર વિદ્યાર્થીઓ દ્વારા ડુડલ, અઘોર કલા, હેરિટેજ જેવી થીમ પરનાં ગાર્મેન્ટ્સ રજૂ કરવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત બ્લુ ડાયરી, મુઘલ - એ - શામ, ચેકમેટ, સંગ્રહ, અનમોલ ઘડી, સ્પ્રિંગ ગાર્ડન, જનુન, કચ્છી દિવા, રિવાયત જેવી જુદી જુદી થીમ પર આ શોનું આયોજન કરાયું હતું જેમાં ૩૫થી વધારે વિદ્યાર્થીઓની ડિઝાઈન્સ રજૂ કરાઈ હતી જેની પાછળ તેમની દોઢ મહિનાની મહેનત સંકળાયેલી હતી."